**Extra No. 330**

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVI ]　　MONDAY, NOVEMBER 3, 2025 / KARTIKA 12, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**રાજ્ય ચૂંટણી આયોગ**

**આદેશ**

સચિવાલય, ગાંધીનગર, ૩જી નવેમ્બર, ૨૦૨૫

વંચાણમાં લીધુઃ-

૧. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭/૦૮/૨૦૨૪ ના જાહેરનામા ક્રમાંકઃ KV/૨૫૮ of ૨૦૨૪/UDUHD/mwd/e-file/૧૮/૨૦૨૪/૩૦૫૭/M

૨. શહેરા નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૨૯/૦૯/૨૦૨૫ના આદેશ ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-શહેરા-યુનિટ-૮/૦૯૨૦૨૫

૩. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ GV/૩૭૦ of ૨૦૨૫/UDUHD/mea/e-file/૧૮/૨૦૨૫/૬૩૪૦/M

**ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-શહેરા-નપા-યુનિટ-૮-૨૦૨૫:**

૧. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૭/૦૮/૨૦૨૪ના વંચાણ-૧ વાળા જાહેરનામાથી પંચમહાલ જિલ્લાના શહેરા નગરપાલિકાના વોર્ડો અને બેઠકો (અનામત બેઠકો સહિત) નક્કી કરવામાં આવેલ જેના આધારે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની જોગવાઈ હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે વંચાણ-૨ના તા.૨૯/૦૯/૨૦૨૫ના આદેશથી શહેરા નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો આદેશ,૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૧૦/૨૦૨૫ના વંચાણ-૩ વાળા જાહેરનામાથી પંચમહાલ જિલ્લાની શહેરા નગરપાલિકામાં વરિઆલ, ઝોઝ, મીઠાપુર-ખરેડીયા ગૃપ, લાભી, હાંસેલાવ, ભદ્રાલા, વાંટા-વછોડા ગૃપ ગ્રામ/જૂથ ગ્રામ પંચાયતનો સમાવેશ કરેલ છે.

૩. શહેરા નગરપાલિકાના હદ વિસ્તારમાં ઉપર મુજબ ફેરફાર થતાં તથા સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૧૦/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ KV/૩૭૭ of ૨૦૨૫/UDUHD/mea/e-file/૧૮/૨૦૨૫/૬૩૪૦/M જાહેરનામા મુજબ શહેરા નગરપાલિકાના વોર્ડોની સંખ્યા અને બેઠકો (અનામત બેઠકો સહિત) નવેસરથી નક્કી થઈ આવેલ છે.

૪. સબબ, શહેરા નગરપાલિકાની આગામી સામાન્ય ચૂંટણી માટે બેઠકોની (અનામત બેઠકો સહિત) વારાફરતી ફાળવણી અંગેનો તા.૨૯/૦૯/૨૦૨૫નો આદેશ મૂળ અસરથી આથી રદ કરવામાં આવે છે.

૫. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૨૭/૧૦/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ KV/૩૭૭ of ૨૦૨૫/UDUHD/mea/e-file/૧૮/૨૦૨૫/૬૩૪૦/M જાહેરનામા મુજબ શહેરા નગરપાલિકાના વોર્ડોની સંખ્યા અને બેઠકો (અનામત બેઠકો સહિત) નક્કી થઈ આવેલ છે. તે મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

**આર. જી. ગોહિલ,**

સચિવ.

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2025.11.07 21:05:43 IST